અપીલ અરજી નં.૩૦૫ તા .૩૦–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રામદાસભાઈ બી.ચૌધરી
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રામદાસભાઈ બી.ચૌધરીની તા. ૧–૮–૧૧ની અરજીથી કોયલા ખાડીનાં અરજદારશ્રી મમતા જીતેન્દ્ર બુધ્ધદેવ મિશ્રા એચ.આઈ.નંબર–૨૯૮ (૧) થી (૧૦) અરજદારોને કયા આધારે " આવાસ ફાળવણી" થયેલ છે અને તેઓનાં એચ.આઈ.નંબર તેમજ અન્ય પુરાવાઓની વિગત જોઈ તપાસી આપની ઝોન કચેરી ધ્વારા કયા સચોટ પુરાવાઓને આધારે આવાસ ફાળવણી કરેલ છે તેની સંપૂર્ણ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩૦–૯–૧૧ ની **SMC/FAP/** નં.૩૦૫/૨૦૧૧–૧૨

શ્રી રામદાસભાઈ બી.ચૌધરીની તા. ૧–૮–૧૧ની અરજીથી કોયલા ખાડીનાં અરજદારશ્રી મમતા જીતેન્દ્ર બુધ્ધદેવ મિશ્રા એચ.આઈ.નંબર–૨૯૮ (૧) થી (૧૦) અરજદારોને કયા આધારે " આવાસ ફાળવણી" થયેલ છે અને તેઓનાં એચ.આઈ.નંબર તેમજ અન્ય પુરાવાઓની વિગત જોઈ તપાસી આપની ઝોન કચેરી ધ્વારા કયા સચોટ પુરાવાઓને આધારે આવાસ ફાળવણી કરેલ છે તેની સંપૂર્ણ માહિતી આપવા બાબતે આજદિન સુધી કોઈ જ માહિતી મળી ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩૦– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માંગેલ માહિતી અંગે આવાસ ડ્રો ફાળવણી કક્ષાએ દફતરી હકીકત સ્પષ્ટ કરવા તથા** વધુમાં એચ.આઈ.એન.નંબર અંગે પણ દફતરી હકીકત જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૦૫ તા.૧૦–૧૦–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને એચ.આઈ.એન નંબર ફાળવ્યાના આધાર હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તથા અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧–૮–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં અરજદારો (૧) ૨૯૮ મમતા જીતેન્દ્ર બુધ્ધદેવ મિશ્રા (૨) ૨૨૧ ફોજદાર સુરજપ્રસાદ શુકલા (૩) ૨૧૬ મનોરબા સુરેશસિંહ રાજપુત (૪) ૧૦૮ વંદના વિરેન્દ્રકુમાર મિશ્રા (૫) ૨૯૭ કુવરભાડા ગીતાગુપ્તા (૬) ૩૩ મુનમુન સર્વેન્દ્રકુમાર મિશ્રા (૭)૧૦૧ રીન્કુબેન વિનોદકુમાર ગુપ્તા (૮) ૩૧ તારાદેવી બ્રહમદેવ મિશ્રા (૯) ૧૦૦ સંજયકુમાર લાલજી મિશ્રા (૧૦) ૩૨૫/૩૨૬ રેણુકા વિજય– રેણુકા કિશાનની માહિતી માંગવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ ન મળતા અરજદાર તરફથી તા.૩૦–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જે અંગે અત્રેથી બંને પક્ષકારોને પત્ર નં.આરટીઆઈ સેલ/ ૯૦૫ તા.૧૦–૧૦–૧૧ થી પૂરક વિગતો માંગવામાં આવેલ. પરંતુ બંને પક્ષકારો તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી પૂરી પાડવામાં આવેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને દફતરી માહિતી પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રામદાસભાઈ બી.ચૌધરી,